સત્યમેવ જયતે

GJAR020020132026

ક્રિ.પ.અરજી. નં.:-૩૧૦/૨૦૨૬

આંક:-

CHIEF JUDICIAL MAGISTRATE COURT * ARVALLI @ MODASA *

**-:અરજદાર કડીયા ભિખાલાલ સાકળચંદનાઓની મુદ્દામાલ પરત મેળવવાની આંક-૦૧ ની અરજી લગત હુકમ:-**

**મોડાસા ટા. પો.સ્ટે.ગુ.ર.નં.:-૧૧૧૮૮૦૦૯૨૬૦૪૭૧/૨૦૨૬**

-:પક્ષકારો તરફે વિ. ધારાશાસ્ત્રી:-

અરજદાર તરફે વિ.ધારાશાસ્ત્રી શ્રી એ.બી.ત્રીવેદી

સામાવાળા તરફે વિ.પ્રોસીક્યુટર શ્રી આર.સી.સોલંકી

સાંભળ્યા, રેકર્ડ વંચાણે લીધુ.

**(૧)** હાલની અરજી અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ અન્વયે પોતાની માલિકી/કબ્જા ભોગવટાનો મુદ્દામાલ રીલાયન્સ ગેસની એક બોટલ, કે જે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.- ૧૧૧૮૮૦૦૯૨૬૦૪૭૧/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૦૩(૨) મુજબના કામે મુદ્દામાલ તરીકે કબજે કરાયેલ છે તે પરત મેળવવા સારુ દાખલ કરેલ છે.

**(૨)** **અરજદારના વિ.વ.શ્રી તરફે રજુઆત છે કે,** અરજદાર રોજીંદા કામમાં ઉપયોગ કરતા હતા અને સદર મુદ્દામાલ પોલીસ દ્વારા મુદ્ધામાલ

તરીકે કબ્જે લેવાયેલ છે. સદરહુ મુદ્દમાલ તેઓના વેપારમાં રોજીદું નુકશાન થાય તેમ છે. અને તેઓની ગેસની બોટલ પોલીસ કસ્ટડીમાં વધુ સમય સુધી પડી રહે તો અરજદારને તેઓના પરિવારના ભરણ–પોષણ કરવામાં ભારે નુકસાની વેઠવી પડે તેમ છે. જેથી વધારે સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો અરજદારને નુકશાન થાય તેમ છે. વધુમાં અરજદાર તરફે રજૂઆત છે કે, તેઓ સદર મુદ્દામાલના કબ્જેદાર/માલીક હોઈ સદર મુદ્દામાલ પરત આપવા માંગણી કરેલ છે.

(૩) અરજી અને આંક ૩ થી રજૂ થયેલ દસ્તાવેજી પુરાવામાં રીલાયન્સ ગેસની ચોપડીની ઝેરોક્ષની નકલ જોતા રીલાયન્સ ગેસની બોટલના માલીક તરીકે કડીયા ભીખાલાલ સાકળચંદ વ્યક્તિનો હોવાનું જણાય આવે છે.

આ કામના ફરિયાદી કોર્ટ રૂબરૂ હાજર થઇ **આંક–૦૬**થી સદર મુદ્દામાલ અરજદારને પરત સોંપવામાં આવે તો આ કામના ફરિયાદીને કોઇ વાંધો નથી તેમ જણાવેલ છે.

આ કામે મુદ્દામાલ જેની પાસેથી કબજે લેવામાં આવેલ છે તેઓને અત્રેની નામ. કોર્ટ દ્વારા નોટીસ કાઢવામાં આવેલ છે, પરંતુ સદરહું નોટીસ બજે કે વગર બજે પરત આવેલ નથી તેમજ તેઓ હાજર રહેલ નથી અને મુદ્દામાલ અંગે કોઇ કલેઇમ કરેલ નથી જેથી મુદ્દામાલ અંગે તેઓ કોઇ કલેમ કરવા માંગતા નથી તેવુ પુર્વઅનુમાન થાય છે.

આ કામે પોલીસ અભિપ્રાય મંગાવવામાં આવેલ છે જેમાં મુદ્દામાલ અરજદારને પરત સોંપવા જણાવેલ છે. તેમજ વિ.એ.પી.પી.શ્રીએ અરજી ઉપર કરેલ શેરો વંચાણે લેતા જણાવેલ છે કે, 'ત.ક.અ.નો અભિપ્રાય તથા અરજી તથા સાધનિક દસ્તાવેજો ધ્યાને લેતા યોગ્ય ન્યાયી હુકમ થવા મે. થશે.'

CHIEF JUDICIAL MAGISTRATE COURT * ARVALLI @ MODASA *

(૪) મુદ્દામાલ અરજદારની માલીકીનો હોવા બાબતે અરજદાર તરફે સદરહુ મુદ્દામાલના મુદ્દામાલ અંગે થયેલ એફ.આઈ.આરની નકલ, ગેસની બોટલના ચોપડીની નકલ રજૂ થયેલ છે. રેકર્ડ ઉપર રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા સદર મુદામાલ અરજદારના કબ્જા ભોગવટાનો હોવાનુ ફલીત થાય છે. સદરહુ મુદ્દમાલ અરજદારના આજીવિકા માટેનુ મહત્વનુ સાધન હોવાથી વધારે સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો અરજદારને પોતાનુ ગુજરાન ચલાવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજ્યના કેસમાં આપેલ ચુકાદો કે જે. એ.આઈ.આર. ૨૦૦૩ એસ.સી. ૬૩૮ માં પ્રદર્શીત થયેલો છે, તેમાં ઠરાવ્યા પ્રમાણે મુદ્દામાલ અરજીનો નિકાલ ત્વરીતપણે કરવો જોઈએ તે જરૂરી છે અને બને ત્યાં સુધી મુદ્દામાલ લાંબો સમય બિન ઉપયોગી પડી રહેવાથી તેને નુકશાન થાય તેવુ હોય તો મુદ્દામાલને કેસ પુરો ન થાય ત્યાં સુધી પોલીસ સ્ટેશનમાં અનામત રાખવાનો કોઈ અર્થ નથી અને યોગ્ય શરતોને આધીન મુદ્દામાલના માલિકને મુદ્દામાલ પરત કરવો જોઈએ. આમ, નામદાર સુપ્રિમ અદાલતે પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતને ધ્યાનમાં રાખી આ અરજીના તમામ કાગળો ધ્યાનમાં રાખી, રજુ થયેલ પોલીસ અભિપ્રાય તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૯૭ ની જોગવાઈઓ ધ્યાને રાખી યોગ્ય જામીન આપ્યેથી મુદ્દામાલ મોબાઈલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાશે. જેથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

CHIEF JUDICIAL MAGISTRATE COURT * ARVALLI @ MODASA *

(૧) અરજદારની અરજી નીચેની શરતોને આધીન ''અંશત:મંજૂર'' કરવામાં આવે છે.

(૨) અરજદારે મુદ્દામાલ પાવતીની કિંમતના દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો કરી આપ્યેથી મુદ્દામાલ રીલાયન્સ ગેસની બોટલ, કે જે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.–૧૧૧૮૮૦૦૯૨૬૦૪૭૧/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨) મુજબના કામે મુદ્દામાલ તરીકે કબજે કરાયેલ છે તે સદરહું ગુના રજી. નંબરવાળા કેસના આખરી ચુકાદાને આધીન વચગાળાની કસ્ટડીએ અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદારે સદર મુદ્દામાલ નામદાર કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે અને ત્યાં રજૂ કરવાનો રહેશે.

(૨) અરજદારે મુદ્દામાલની સંભાળ લેવી અને તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહી.

(૩) સદરહુ મુદ્દામાલનો ઉપયોગ ગુનાહિત કૃત્યમાં કરવો નહી.

(૫) બોન્ડ તથા જામીન પોલીસ સ્ટેશન સમક્ષ રજૂ કરવા.

(૬) હુકમ અનુસાર મુદ્દામાલ પરત સોંપતી વખતે જવાબદાર પોલીસ અધિકારીશ્રીએ સદરહું મુદ્દામાલ દેખાય તે રીતેના ચારે તરફના ફોટોગ્રાફસ અરજદારના ખર્ચે પડાવી હુકમ અનુસાર મુદ્દામાલ પરત સોંપવા અંગેનુ વિગતવારનું પંચનામુ કરી અરજદારની ઓળખાણની ખાતરી કરી તેની માલીકી અંગે ખરાઈ અને ખાતરી કર્યા બાદ જ પરત સોંપવો અને તેનો વિગતવારનો રિપોર્ટ અત્રેની કોર્ટને મુદ્દામાલ સોપ્યાના દિન–૧૫માં કરવો.

ઉપરોકત શરતોનું અરજદારે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને તે પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપોઆપ રદ

CHIEF JUDICIAL MAGISTRATE COURT ARAVALLI @ MODASA

થયેલો ગણાશે અને તપાસ કરનાર અમલદાર કે અધિકૃત પોલિસ અધિકારીએ તેનો તાત્કાલિક કબજો લેવાનો રહેશે.

હુકમની ચાદી સંબંધીત પોલીસ સ્ટેશને કરવી.

ઉપરોકત હુકમ આજરોજ તા:૦૮મી, માહે:ઓગષ્ટ, સને: ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| સ્થળ:મોડાસા | **(પુષ્પેન્દ્રસિંહ રાઠૌડ)** |
| તારીખ:૦૮/૦૮/૨૦૨૬ | **ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, મોડાસા.** |
| S.J.RATHOD,PA | **કોડ નં.જી.જે.૦૧૧૩૪** |

CHIEF JUDICIAL MAGISTRATE COURT
* ARVALLI @ MODASA *